પશ્ચિમ ગુજરાત વિજ કંપની લિમિટેડ

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર

રજી. અને કોર્પોરેટ ઓફિસ, લક્ષ્મીનગર, નાના મવા રોડ, રાજકોટ ફોન નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૫ - ૨૩૮૦૪૨૭, ફેક્સ નં. (૦૨૮૧) ૨૩૮૦૪૨૮
CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com ઈ–મેઈલ :– forum.pgvcl@gebmail.com

પીજીવીસીએલ/સીજીઆરએફ/૫૪/કવા–૦૨/૧૬–૧૭/ ૭૮૮૦ તા. ૨૩/૦૮/૧૬

રજી. એ.ડી. પત્ર

પ્રતિ,
ભાવનાબેન પી. સવસાણી,
ઉમા મેન્યુફેકચર પટેલ ચોક વાવડી–૩૫,
તુલીપ પાછળ, શકિતમાન પાસે,
ગોંડલ રોડ, વાવડી
રાજકોટ
મો: ૯૪૨૮૮ ૯૩૨૮૮

**વિષય :–ઈલેકટ્રીસીટી ડયુટી ની માફી ની રકમ વ્યાજ સાથે પરત આપવા અંગે**
**સંદર્ભ:– આપની અરજી , તા. ૦૧–૦૮–૧૬ (અત્રે ના ફોરમ ની નોંધણી નંબર :૫૪/કવા–૦૨/૧૬–૧૭ )**

શ્રીમાન,

આપની ઉપરોકત વિષય અને સંદર્ભ મુજબની અરજી અન્વયે, અત્રેના ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર ની ફોરમ કમીટી તરફથી કરાયેલ નિર્ણય આ સાથે આપને મોકલવામાં આવે છે.

જે આપને સુવિદીત થાય. આભાર સહ.,

આપનો વિશ્વાસુ

( કે. ડી. વીરડીયા )
કન્વીનર
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર,
પીજીવીસીએલ – રાજકોટ.

બિડાણ : નિર્ણયપત્ર (પાના નં. ૨)

નકલ રવાના :
(૧) અધિક્ષક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વર્તુળ કચેરી , રાજકોટ
(૨) કાર્યપાલક ઈજનેર શ્રી, પીજીવીસીએલ, શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ
(૩) નાયબ ઈજનેર શ્રી, પીજીવીસીએલ, વાવડી (અર્બન) પેટા વીભાગીય કચેરી, રાજકોટ

...સદર નિર્ણયપત્રની નકલ આપને આ સાથે મોકલવામાં આવે છે. જેની તમામ વિગતો અભ્યાસ લઈ આ નિર્ણયપત્રમાં દર્શાવેલ બાબતોની તાકીદે અમલવારી કરી અને તેનો લેખિત પ્રત્યુતરપત્ર અરજદારશ્રી તેમજ અત્રેના ફોરમને પાઠવવાનું આપને ભારપૂર્વક જણાવવામાં આવે છે.

No: 06/A

# ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર(રાજકોટ ફોરમ)

પીજીવીસીએલ, રજી. અને કોર્પોરેટ કચેરી,લક્ષ્મીનગર નાનામૌવા રોડ, રાજકોટ

CIN:U40102GJ2003SGC042908 website : www.pgvcl.com

કેસ નં. : સીજીઆરએફ : ૫૪/ક્વા–૦૨/૧૬–૧૭ કમિટિ મીટીંગ તા.૧૯–૦૮–૧૬ સ્થળ :–રાજકોટ

પક્ષકાર નં.: –(૧) અરજદાર (ફરીયાદી) :

અરજદાર (ફરીયાદી) : નામ: ભાવનાબેન પી. સવસાણી,ગામ: રાજકોટ

રજુઆત કરનાર : અરજદાર હાજર રહેલ ન હતા.

વિરુધ્ધ

પક્ષકાર નં.: –(૨) પીજીવીસીએલ (સામેવાળા) :

પીજીવીસીએલ (કચેરી) : વાવડી (અર્બન) પેટા વીભાગીય કચેરી, રાજકોટ (કાર્યક્ષેત્ર : શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ)

રજુઆત કરનાર :એચ.બી.પરમાર, કાર્યપાલક ઈજનેર શહેર વિભાગીય કચેરી નં ૩ રાજકોટ

## : હુકમ :

ફરીયાદ : ઈલેકટ્રીસીટી ડયુટી ની માફી ની રકમ વ્યાજ સાથે પરત આપવા અંગે

**મુદદા નં.–૧ : પક્ષકાર નં. –(૧) અરજદાર (ફરીયાદી) ની રજુઆત**

**૧.૧** અરજદાર જણાવે છે કે, તેઓનુ ઓદ્યોગીક વીજજોડાણ નં.:૩૪૫૧૪/૦૨૭૪૪/૮, જે ખરેખર ઓદ્યોગીક ઉત્પાદકીય એકમ હોય, રાજય સરકાર પ્રારીત નિયમ મુજબ, ૧૦% વીજકર વસુલાત પાત્ર હોય, આ મુજબ સરકાર નો હુકમ થયેલ હોવા છતા, હુકમ ની તારીખ ની અસર થી આજદિન સુધી, ખરેખર વીજકર નો દર ૨૫% ને બદલે ૧૦% મુજબ નો કરી, અને તફાવત ની રમ બીલીગ ખાતામા જમા અપાયેલ ન હોય, અરજદારે અત્રેના ફોરમ સમક્ષ ન્યાયિક રજુઆત કરેલ છે.

**મુદદા નં.–૨ : પક્ષકાર નં. –(૨) પીજીવીસીએલ (સામેવાળા) ની રજુઆત**

**૨.૧** અરજદાર શ્રી ના ઓદ્યોગીક વીજજોડાણ નં.:૩૪૫૧૪/૦૨૭૪૪/૮, જે ખરેખર ઓદ્યોગીક ઉત્પાદકીય એકમ હોય, રાજય સરકાર પ્રારીત નિયમ મુજબ, ૧૦% વીજકર વસુલાત પાત્ર હોય,પરંતુ, પીજીવીસીએલ તરફથી સદર જોડાણ મા, ૧૦% વીજકર ને બદલે, ૧૫% મુજબ ના દરના વીજકર ની વસુલાત થતી હોવાની, અરજદાર શ્રી ની સરકાર શ્રી ના વીજકર ખાતા ગાંધીનગર સમક્ષ અગાઉ કરાયેલ ફરીયાદ ના અનુસંધાને, વીજકર સમાહર્તા ગાંધીનગર તરફથી થયેલ હુકમ પત્ર નં. : જી/રેત/જી/૨૦૧૪/૨૦૦૮૪, તા.૨૯–૧૧–૧૪ મુજબ, સદર જોડાણ મા, અગાઉ તા.૧૪–૦૫–૧૪ થી નવે–૧૪ સુધી ના સમયગાળા ની, વધુ વસુલ થયેલ, વીજકર ની રકમ રૂ.૮,૭૬૦/૨૪, જે અરજદાર શ્રી ના સદર જોડાણ ના બીલીગ ખાતામા, તા.૧૧–૦૮–૧૬ ના રોજ જમા આપવામા આવેલ છે. તેમજ, તા.૧૪–૦૫–૧૪ થી, સદર જોડાણ ના બીલીગ ખાતામા, વીજકર નો દર ૧૫ % ને બદલે ૧૦% મુજબ કરાયા ની નોંધ પણ, સદર જોડાણ ના બીલીગ ખાતામા અપાયેલ છે. સરકાર શ્રી ના હુકમ મુજબ, પીજીવીસીએલ તરફથી સદર જોડાણ ના બીલીગ ખાતામા જમા કરવામા આવેલ, તફાવતીય વીજકર ની રકમ રૂ.૮,૭૬૦/૨૪ ની જમા રકમ ની અસર, અરજદાર શ્રી ને સપ્ટેમ્બર–૧૬ પછી ના બીલ મા દર્શાવવામા આવશે. આમ, અરજદાર ની ફરીયાદ નુ, પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ છે.

**મુદદા નં.–૩ : : નિષ્કર્ષ :**

**૩.૧** ફરીયાદી અરજદાર શ્રી ની મુદદા નં. ૧.૧ મુજબ ની વિગતે તેમના જોડાણ મા, સરકાર શ્રી તરફથી, તા.૨૯–૧૧–૧૪ ના રોજ ના હુકમ પત્ર અન્વયે ની, તફાવતીય વીજકર ની રકમ રૂ.૮,૭૬૦/૨૪, જે – સરકાર શ્રી ના હુકમ પત્ર તા.૨૯–૧૧–૧૪ પછી તુરંતજ, એટલેકે ડિસેમ્બર–૧૪ થી જ, અરજદાર ના જોડાણ ના બીલીગ ખાતામા જમા આપવાની કાર્યવાહી સંપન્ન કરવાને બદલે, પીજીવીસીએલ ની સબંધક કચેરી ના જવાબદાર અધિકારી / કર્મચારી એ, તેમની ફરજ પર સભાનતા ન દાખવીને, બેદરકારી દાખવીને, સદર કામગીરી ડિસેમ્બર–૧૪ ને બદલે, ઓગષ્ટ–૧૬ મા, એટલેકે ૨૦ માસ જેવા વિલંબીત સમયગાળા પછી સંપન્ન કરેલ છે. પીજીવીસીએલ કક્ષાની આવી બેદરકારી યુકત ભુલ ના કારણોસર, ફરીયાદી અરજદાર શ્રી ને લાચારીવશ ફોરમ સમક્ષ ફરીયાદ અરજી કરવાની ફરજ પડેલ છે. તેમજ, ફોરમ સમક્ષ ફરીયાદ નોંધાયા પછી જ, પીજીવીસીએલ તરફથી સદર બાબતે ધ્યાન અપાયેલ છે. અને, ફરીયાદ નિવારણ સબંધક કાર્યવાહી હાથ ધરાયેલ છે. પીજીવીસીએલ ની ગ્રાહક લક્ષી સેવાની, સદર પ્રકાર ની ક્ષતિગ્રસ્તતા થી, વીજકંપની ના ગ્રાહક સમુદાય મા, વીજકંપની ની શાખ ને નુકશાન થતુ હોવાની નોંધ ફોરમ કમિટી તરફથી લેવાયેલ છે. જેથી, સદર પ્રકાર ની ફરીયાદ નુ ભવિષ્ય મા પુનરાવર્તન ન થાય તે માટે, સવાલવાળી ફરીયાદ ના નિવારણ માટે, ૨૦ માસ સુધી બેદરકારી દાખવવા માટે, સબંધક કચેરી ના જવાબદારો સામે, પીજીવીસીએલ ના શીસ્તભંગ ના નિયમ મુજબ, કાર્યવાહી થવા, બાબતે, પીજીવીસીએલ ની સક્ષમ એવી શહેર વર્તુળ કચેરી ના અધિક્ષક ઈજનેર શ્રી નુ ખાસ ભારપૂર્વક ધ્યાન દોરવા બાબતે, ફોરમ કમિટી તરફથી, સદર કેઈસ મા ભારપૂર્વક નોંધ અપાયેલ છે.

| | |
|---|---|
| ૩.૨ | અરજદાર શ્રી ની મુદદા નં. ૧.૧ મુજબ ની ફરીયાદ ની વિગતે ની ફરીયાદ ના અનુસંધાને, પીજીવીસીએલ પક્ષકાર તરફથી, મુદદા નં. ૨.૧ મુજબ ની વિગતે ની, અરજદાર શ્રી ની મુખ્ય માંગણી મુજબ ની, તફાવતીય વીજકર ની, ગણતરીએ થતી રકમ રૂ.૮,૭૬૦/૨૪ , જે તા.૧૧–૦૮–૧૬ ના રોજ, સદર જોડાણ ના બીલીગ ખાતામા જમા કરવામા આવેલ છે. સદર જમા થયેલ રકમ ની અસર, અરજદાર શ્રી ને સપ્ટેમ્બર–૧૬ પછી ના બીલ મા દર્શાવવામા આવશે. આમ, અરજદાર ની ફરીયાદ નુ, પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ છે. |

**મુદદા નં.–૪ :**

## હુકમ

| | |
|---|---|
| ૪.૧ | સદર કેઈસ મા ફોરમ કમિટી તરફથી થયેલ નિષ્કર્ષ ના મુદદા નં. ૩.૨ મુજબ ની વિગતે, અરજદાર ની ફરીયાદ નુ પીજીવીસીએલ કક્ષાએથી નિરાકરણ થયેલ છે. |

(શ્રીમતી કે.જે.મોટાણી )
સ્વતંત્ર સભ્ય
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

ગેરહાજર
( એમ.એન.ઓઝા )
સભ્ય (ટેક)
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

(ટી.બી.ભીમાણી)
ચેરમેન
ગ્રાહક તકરાર નિવારણ કેન્દ્ર, રાજકોટ

નોંધ જો સદર નિર્ણય સાથે આપ સંમત ન હોય તો, આપ શ્રી તરફથી સદર નિર્ણય સાથે, નિર્ણયપત્ર મળ્યા પછીનાં ૩૦ દિવસની અંદર, ''નામદાર ઓમ્બુડ્સમેન (વિદ્યુત લોકપાલ), ગુજરાત વીજ નિયંત્રક આયોગની કચેરી, બ્લોક નં. ૩, પોલિટેકનીક કંપાઉન્ડ, આંબાવાડી, અમદાવાદ-૩૮૦ ૦૧૫'' સમક્ષ લેખિત અપીલ અરજી કરી શકાય છે. અપીલ અરજી જો નાણાંકીય બાબત સબંધક હોય તો, સદર રકમના ૩૩% રકમ પીજીવીસીએલમાં વાંધા સાથે ભરપાઇ કરાયેલ હોવાનો ઉલ્લેખ અપીલ અરજીમાં થવો જરૂરી છે..